# અંકલેશ્વર નગરપાલિકા, અંકલેશ્વર

## જાહેરનામું

## જન્મ-મરણ રેકોર્ડ પુનઃગઠન અને નવીનીકરણ

અંકલેશ્વર નગરપાલિકા દ્વારા હિત સંબંધી જાહેર જનતાને આ જાહેરનામા થી સૂચિત કરવામાં આવે છે કે અંકલેશ્વર નગરપાલિકા જન્મ/મરણ વિભાગના નીચે જણાવેલ વર્ષ મુજબની જન્મ/મરણ રેકોર્ડ જર્જરીત થયેલ હોય તેને પુનઃગઠન કરવો જરૂરી હોય જીલ્લા રજીસ્ટ્રાર જન્મ/મરણ અને લગ્ન, મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી, આરોગ્ય શાખા, જીલ્લા પંચાયત ભરૂચ દ્વારા તેઓના પત્ર ક્રમાંક જી.પં./જ.આ./જ.મ./ન.પા.અંકલેશ્વર/રેકોર્ડ/પુનઃગઠન/૨૦૨૬/૨ તા.૧૦/૦૨/૨૦૨૬ થી કમિશ્નરશ્રી આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ(આવિ.) ગાંધીનગરનાં તા.૧૩/૦૮/૨૦૧૩નાં પરિપત્રમાં જણાવેલ માર્ગદર્શક સૂચનાઓ અન્વયે નીચે મુજબ પુનઃગઠન પ્રક્રિયા કરવાની થાય છે.

(૧) ચકાસણી અહેવાલ:

જીલ્લા રજીસ્ટ્રાર (જ.મ.લ.) સહ મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રીનાં તા.૨૦/૧૨/૨૦૨૫નાં હુકમ થી તેઓશ્રીની કચેરીના વહીવટી અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓ, આરોગ્ય શાખા, જીલ્લા પંચાયત ભરૂચ દ્વારા અંકલેશ્વર નગરપાલિકા એકમની તા.૨૩/૧૨/૨૦૨૫ થી તા.૨૪/૧૨/૨૦૨૫ થી રૂબરૂ મુલાકાત લઈ જન્મ/મરણ નોંધણીનાં રેકોર્ડ સને ૧૯૪૬ થી ૨૦૧૮ સુધીની ચકાસણી કરવામાં આવી હતી. ચકાસણી અહેવાલ મુજબ ભૂતકાળનાં વર્ષોમાં રેકોર્ડની યોગ્ય જાળવણી થયેલ ન હોય રેકોર્ડ જર્જરિત થયેલ હોય જેના કારણે રેકોર્ડનાં પુનઃગઠન અને નવીનીકરણની અનિવાર્ય જરૂરિયાત ઉભી થઇ છે.

(૨) જન્મ રજીસ્ટ્રાર અંગે:

(અ) પુરેપુરા વર્ષનું પુનઃગઠન જરૂરી છે તે વર્ષ
૧૯૪૮, ૧૯૫૦ થી ૧૯૭૩, ૧૯૭૭, ૧૯૭૮, ૧૯૮૦ થી ૧૯૯૧, ૧૯૯૭ થી ૧૯૯૯, ૨૦૦૨, ૨૦૦૩.

(બ) માસવાર પુનઃગઠન અને નવીનીકરણ જરૂરી છે તે વર્ષ
૧૯૪૬, ૧૯૪૭, ૧૯૪૯, ૧૯૭૪ થી ૧૯૭૬, ૨૦૦૪ થી ૨૦૧૮.

(ક) નવીનીકરણ જરૂરી છે તે વર્ષ
૧૯૭૯,૧૯૯૨ થી ૧૯૯૬, ૨૦૦૦, ૨૦૦૧.

(૩) મરણ રજીસ્ટ્રાર અંગે:

(અ) પુરેપુરા વર્ષનું પુનઃગઠન જરૂરી છે તે વર્ષ
૧૯૬૫ થી ૧૯૬૯, ૧૯૭૫ થી ૧૯૭૯, ૧૯૮૩ થી ૧૯૮૬, ૨૦૦૨.

(બ) માસવાર પુનઃગઠન અને નવીનીકરણ જરૂરી છે તે વર્ષ
૧૯૪૬, ૧૯૫૮, ૧૯૬૦, ૧૯૭૦, ૧૯૭૩, ૧૯૭૪, ૧૯૮૦ થી ૧૯૮૨, ૧૯૮૭, ૧૯૯૧, ૧૯૯૨, ૧૯૯૪, ૧૯૯૫, ૨૦૦૧, ૨૦૦૫, ૨૦૦૬, ૨૦૧૬.

(ક) નવીનીકરણ જરૂરી છે તે વર્ષ
૧૯૪૭ થી ૧૯૫૭, ૧૯૫૯, ૧૯૬૧ થી ૧૯૬૪, ૧૯૭૧, ૧૯૭૨. ૧૯૮૮ થી ૧૯૯૦, ૧૯૯૩, ૧૯૯૬ થી ૨૦૦૦, ૨૦૦૩, ૨૦૦૪

હિત ધરાવતા નાગરિકોને તેમજ જાહેર જનતાને ઉપર જણાવેલ વિગતો મુજબ જન્મ કે મરણના પુરાવા (હોસ્પિટલ રીપોર્ટ, સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ વગેરે) રજુ કરવાની તક આપવામાં આવે છે. જેથી ચકાસણી કરીને નવો રેકોર્ડ તૈયાર કરવાનો થાય છે. જેમાં આધાર પુરાવા જોડે સોગંદનામું રજુ કરવાનું રહેશે. આ નોંધણી અંકલેશ્વર નગરપાલિકામાં કરવામાં આવશે. આધાર પુરાવા રજુ કરવાની છેલ્લી તારીખ ૧૪/૦૮/૨૦૨૬ છે. વધુ માહિતી માટે જન્મ-મરણ નોંધણી કચેરી અંકલેશ્વર નગરપાલિકાનો સમ્પર્ક કરવો.

તા. ૧૦/૪/૨૬

મુખ્ય અધિકારી
અંકલેશ્વર નગરપાલિકા

*માહિતી-ભરૂચ-૦૯-૨૦૨૬*